બૉડી લેંગ્વેજ એ બોલ્યા વિના પણ ચોક્કસ અર્થ ધરાવતી શારીરિક ભાષા છે. બૉડી લેંગ્વેજના સામાન્ય સ્ટ્રોક જેવા કે માથું આગળ તરફ ઝુકાવું એટલે કે 'હા' પાડવી, માથું ડાબી-જમણી તરફ ફેરવવું એટલે કે 'ના' પાડવી, કે પછી ડોળા કાઢવા, દાંત કચકચાવા, કાનની બૂટ પકડવી ને સરળતાથી સમજી શકાય છે. વ્યક્તિ ખોટા વિચારો રજૂ કરવાં શબ્દો તો બદલી શકે છે, પણ બૉડી લેંગ્વેજ પર અજ્ઞાત મગજનો અંકુશ રહેલો હોવાથી, તે અજાણતા જ એવા સ્ટ્રોક્સ આપી દે છે, કે જેનાથી તેનું જૂઠ પકડાઈ જાય છે.

## ● ઈન્ટરવ્યૂની બોડી લેંગ્વેજ શીખો -૨

ગયા લેખમાં ઈન્ટરવ્યૂ દરમિયાનની બૉડીલેંગ્વેજ અંગેની કેટલીક ટ્રીપ્સ જોઈ હતી. આજે આ લેખમાં ઉમેદવારે ઈન્ટરવ્યૂ દરમિયાન શું કરવું જોઈએ (Do(s)) અને શું ન કરવું જોઈએ (Don't(s))ની ચર્ચા સાથે આ વિષયને વિરામ આપીશું.

જો ઈન્ટરવ્યૂ લેનાર ઈન્ટરવ્યૂઅરની સંખ્યા એકથી વધુ હોય, ત્યારે પ્રશ્નનો જવાબ આપતી વખતે પ્રશ્ન પૂછનાર તરફ થોડો વધુ સમય (સતત ૫ થી ૧૫ સેકન્ડ અને અન્ય સભ્યો તરફ થોડો ઓછો સમય (સતત ૩ થી ૭ સેકન્ડ) નજર ફેરવવી. જે વ્યક્તિ તમારી સમક્ષ મંદ-મંદ સ્મીતથી સતત નજર રાખતો હશે, તે તમારા જવાબથી સંતુષ્ટ હશે, અને હવે મોટે ભાગે તે જ પ્રશ્ન પુછે તેવા ચાન્સીસ છે.

જો કોઈ વ્યક્તિ એકચિત્તે તમને જોઈને સાંભળી રહ્યો છે, અને એના જમણા હાથની ચારઆંગળીઓથી તેનું મોઢું ઢાંકીને અંગુઠો પાછળની બાજુએ ગળા પર મૂકેલો છે, તો માર્યા ઠાર હવે તે વ્યક્તિ કોઈ અઘરો પ્રશ્ન પૂછવાની તૈયારીમાં છે. માટે ઝડપથી તે વ્યક્તિ સાથેનો Eye-Contact કાપી નાખો.

જો કોઈ વ્યક્તિ આંખો ઝીણી કરીને નાક પર કોઈ પણ એક આંગળી ઘસતી હોય, તો તે તમારા જવાબથી સંતુષ્ટ નથી, માટે તેની સાથેનો Eye-Contact વધારો. તેમની સમક્ષ વધુ ઉદાહરણો, તાર્કિક દલીલોનો મારો ચલાવો. તમારી સામે વધુ વખત આંખોની પાપણ ખોલ-બંધ કરનાર વ્યક્તિ ચતુરાઈપૂર્વક તમને સમજી રહ્યો છે. આવી પ્રભાવશાળી વ્યક્તિ તમારી સાથે ઝડપથી Eye-Contact પેદા પણ કરી લેશે અને જાળવશે પણ ખરો. આથી ઉમેદવારે જવાબ આપતા-આપતા પોતાના યોગ્ય મંતવ્યને યોગ્ય ઠેરવવા આવી વ્યક્તિ સમક્ષ સંમત્તિ સૂચક દૃષ્ટિ કર્યા કરવી. તેમના અન્ય સાથીદાર ઈન્ટરવ્યૂઅર્સને પણ કન્વીસ કરાવશે.

છેલ્લે ઈન્ટરવ્યૂ પૂર્ણ થતાં જ તરત જ ઊભા થઈને બન્ને હાથ જે અગાઉ છૂટા હતાં તેને બન્ને હાથની આંગળીઓમાં ભીડાવીને બેલ્ટ સુધી રાખી, માથુ થોડું આગળ તરફ ઝૂકાવવું. જો ઈન્ટરવ્યૂ લેનાર સમિતિનો કોઈ સભ્ય/સભ્યો હસ્તધૂનન માટે હાથ ધરે, તો તરત જ બન્ને હાથ છૂટા કરી, ડાબા હાથને પાછળ લઈ જઈ જમણા હાથને લંબાવીને સહેજ વધારે ઝૂકવું. હવે જો કોઈ હસ્તધૂનન કરતા કરતા ડાબાહાથથી જમણા હાથનું કાંડુ જોરથી દબાવે, કે ડાબો હાથ ખભા ઊપર મૂકે તો સમજી લેવાનું કે 'પપ્પુ પાસ હો ગયા' મતલબ તમે લગભગ સીલેક્ટ જ છો..!!!

## ● ઈન્ટરવ્યૂ દરમિયાન ખાસ ધ્યાનમાં રાખવાની બાબતો :

જો ઈન્ટરવ્યૂ દરમિયાન કોઈ ઈન્ટરવ્યૂઅર થોડી થોડી વારે બારણા તરફ જોતો હોય, તો તેને ઈન્ટરવ્યૂ પૂરો કરવાની જલદી છે, તેવો તેનો અર્થ થાય. એક ઉમેદવાર તરીકે આપે થોડી-થોડી વારે બારણા તરફ જોવું નહીં.

જવાબ ખોટો પડે, અને સાચો જવાબ ઈન્ટરવ્યૂઅર તરફથી જણાવવામાં આવે ત્યારે કાનની બૂટ પકડવી નહી, અને સાચા જવાબ બાદ કોલર પર કે ટાઈની નોટ પર હાથ ન મૂકવો. હાથની મુઠ્ઠી વાળવી નહી, જવાબ આપતી વખતે વિષયને અનુરૂપ હાથની હલન-ચલન કરવી. મોઢું હાથની આંગળીઓથી ઢાંકવું નહીં. બન્ને ખભાને એક સાથે ઊંચા ન કરવા. હથેળીઓને પણ એકબીજા સાથે ઘસવી નહીં.

જો કોઈ ઈન્ટરવ્યૂઅર ખુરશી તમારા તરફ ફેરવીને તેમના હાથ અને સમગ્ર શરીરને તમારી સમજ ધરી દે, તો તેનો મતલબ તેઓ ઉમેદવાર પાસેથી જે તે પ્રશ્નના જવાબ તરીકે હજુ પણ કંઈ પૂરક વિગતો જાણવા માગે છે, તેવો તેનો અર્થ થયો ગણાય. હવે જો તેઓ ૯૦° અંશના ખૂણે તેમની ખુરશી લઈ જાય, તો તેઓ જે વિગત સાંભળવા ઈચ્છતા હતા, તે વિગત ઉમેદવારે જણાવી દીધી છે, તેવો તેનો અર્થ થાય.

જ્યારે ઉમેદવારની પગાર અંગેની રજૂઆત સાંભળ્યા બાદ ઈન્ટરવ્યૂઅર તેની હડપચી (Chin-ચીન)ને પંપાળે તો તે ૭૦% કિસ્સામાં પોઝિટીવ રીપ્લાય આપશે, તેવા ચાન્સીસ છે, માટે લગે રહો. અને હવે તમારે તમારી માંગણીમાં ડિસ્કાઉન્ટ આપવાની આપવાની જરૂર નથી. પણ જો બોસ તમારી રજૂઆત સાંભળ્યા બાદ અદબ વાળે, તો ૯૦ ટકા ચાન્સીસ નેગેટીવ રિસ્પોન્સ આપવાનો છે, પણ જો તેઓ બન્ને પગ વચ્ચેનું અંતર વધારે અને તેમનો એક હાથ પગના ઘૂંટણ પર કે ખુરશીના હાથ પર મુકી શરીરને આગળ તરફ વધુ પડતું નમાવે, તો સમજી જાઓ કે તમારી વાતમાં તેમનો રસ ઝડપથી ઘટી રહ્યો છે, અને તે વાતચીતનો અંત લાવવા માંગે છે. આથી ઝડપથી જે-તે ટોપિકનો અંત લાવો.

## ● રોજગાર-T20

બૉડી લેંગ્વેજના સ્ટ્રોક શીખ્યા બાદ, બૉડી લેંગ્વેજના વિસ્તારો સમજી લો. આ વિસ્તારોની મર્યાદામાં રહીને જ જે-તે વ્યક્તિ સાથે વાતચીત કરવી જોઈએ. આ વિસ્તારની અંદર જઈને વાત-ચીત કરવામાં આવે, તો તે સામેનો પક્ષકાર સ્વીકારતો નથી. બૉડી લેંગ્વેજના વિસ્તારો ૪ પ્રકારના છે. (૧) આત્મીય વિસ્તાર : કે જે ૫ ઈંચ સુધીનો હોય છે, અને જે પોતાના કુટુંબીજનો પૂરતો મર્યાદિત છે, જેમાં અન્ય વ્યક્તિને પ્રવેશ મળતો નથી. (૨) અંગત વિસ્તાર : ૫ ઈંચથી ૧ ફૂટ સુધીનો વિસ્તાર ઈન્ટરવ્યૂઅર સાથે હાથ મેળવવા પૂરતો છે, ત્યારબાદ તેમનાથી દૂર જવું આવશ્યક છે. (૩) સોશીયલ વિસ્તાર : ૧ ફૂટ થી ૪ ફૂટ સુધીનો વિસ્તાર ડૉક્ટર-પેશન્ટ, શિક્ષક-વિદ્યાર્થી, એક જ ઓફિસમાં કામ કરતા સહકર્મચારીઓ પૂરતો મર્યાદિત છે. (૪) પબ્લિક વિસ્તાર : ૪ ફૂટથી વધુ અંતર ઈન્ટરવ્યૂ દરમિયાન જાળવવું જરૂરી છે. ઈન્ટરવ્યૂ માટે ખૂબ-ખૂબ શુભેચ્છાઓ...

- રાજેન્દ્ર ઉપાધ્યાય (ક્રમશઃ)

**(૧) ગુજરાતમાં આવેલી સરસ્વતી નદીનો ઉલ્લેખ કયાં વેદમાં જોવા મળે છે. ?**
(૧) અથર્વવેદ (૨) સામવેદ
(૩) યજુર્વેદ (૪) ઋગ્વેદ

**(૨) ગુજરાતની વડી અદાલતના પ્રથમ મુખ્ય ન્યાયમૂતિ કોણ હતા?**
(૧) નાનાભાઈ હરિદાસ (૨) હરીલાલ કાણિયા
(૩) એસ. ટી. દેસાઈ (૪) ચંદુલાલ ત્રિવેદી

**(૩) નીચેનામાંથી કઈ એક નદી અંતઃસ્થ (કુંવારીકા) નદી નથી?**
(૧) બનાસ (૨) રૂપેણ
(૩) સરસ્વતી (૪) મહી

**(૪) ગુજરાતી સાહિત્યના પ્રથમ નાટક ''લક્ષ્મી''ની રચના કોણે કરી હતી?**
(૧) નાન્હાલાલ (૨) દલપતરામ
(૩) દયારામ (૪) નર્મદ

**(૫) બાલા હનુમાન મંદિર કયાં આવેલ છે?**
(૧) દેવીભૂમિ દ્વારકા (૨) ગીરસોમનાથ
(૩) જામનગર (૪) જુનાગઢ

**(૬) હાઈકુનું અક્ષર બંધારણ જણાવો?**
(૧) ૫-૫-૭ (૨) ૭-૫-૭
(૩) ૭-૫-૫ (૪) ૫-૭-૫

**(૭) કડીયો ડુંગર કયાં જિલ્લામાં આવેલ છે ?**
(૧) ભરૂચ (૨) ભાવનગર
(૩) રાજકોટ (૪) જામનગર

**(૮) ભદ્રંભદ્ર નવલકથા કોની છે ?**
(૧) મહિપતરામ નીલકંઠ (૨) રમણલાલ નીલકંઠ
(૩) ર.વ. દેસાઈ (૪) ઉમાશંકર જોષી

**(૯) ''મારૂ જીવન એજ મારી વાણી'' કૃતિમાં કોનું જીવન ચરિત્ર આલેખાયેલુ છે?**
(૧) નારાયણભાઈ દેસાઈ (૨) મહાદેવભાઈ દેસાઈ
(૩) ગાંધીજી (૪) રવિશંકર મહારાજ

**(૧૦) ''અમે બધા'' હાસ્યકથા કયા બે લેખકોએ સાથે મળીને લખેલી છે?**
(૧) જ્યોતીન્દ્ર દવે અને ચંન્દ્રકાન્ત બક્ષી
(૨) ધનસુખલાલ મહેતા અને બાલાશંકર કંથારિયા
(૩) બાલાશંકર કંથારીયા અને જ્યોતીન્દ્ર દવે
(૪) જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતા

**(૧૧) ગુજરાતની પહેલી વિધાનસભાની કુલ બેઠકો કેટલી હતી ?**
(૧) ૧૨૩ (૨) ૧૩૨
(૩) ૧૬૫ (૪) ૧૮૨

**(૧૨) ગુજરાતની કઈ નદી દર વર્ષે રેતીનાં ઢગમાં ફેરવાય છે?**
(૧) કોલક (૨) સરસ્વતી
(૩) બનાસ (૪) ભાદર

**(૧૩) ગુજરાતમાં સૌથી વધુ ટેક્સટાઈલ ઉદ્યોગ કયાં વિકસ્યો છે?**
(૧) અમદાવાદ (૨) ભરૂચ
(૩) વડોદરા (૪) સુરત

**(૧૪) ગુજરાત ઈન્ફર્મેશન ટેકનોલોજીની નીતિ કોણે જાહેર કરી હતી?**
(૧) નરેન્દ્ર મોદી (૨) બાબુભાઈ જ. પટેલ
(૩) કેશુભાઈ પટેલ (૪) શંકરસિંહ વાઘેલા

**(૧૫) ગુજરાતી ભાષાના સૌપ્રથમ કાવ્ય સંગ્રહનું સંપાદન કોણે કર્યુ ?**
(૧) દલપતરામ (૨) દયારામ
(૩) નાન્હાલાલ (૪) પન્નાલાલ પટેલ

**(૧૬) વર્ષ ૨૦૧૨-૧૩નો GDP દર કેટલો જાહેર કરવામાં આવ્યો હતો?**
(૧) ૫ ટકા (૨) ૬.૭ ટકા
(૩) ૬.૨ ટકા (૪) ૪.૯ ટકા

**(૧૭) કેન્દ્ર સરકાર દ્વારા 'નરેગા' યોજનાનો પ્રારંભ કયારે કરવામાં આવ્યો?**
(૧) ૨જી ઓકટોબર, ૨૦૧૦
(૨) ૨જી નવેમ્બર, ૨૦૧૦
(૩) ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૦
(૪) ૨જી ઓગસ્ટ, ૨૦૧૦

**(૧૮) તાજેતરમાં ઉત્તરાખંડના મુખ્યમંત્રી બનેલા હરીશ રાવત અગાઉ કયા ખાતાના કેન્દ્રીય મંત્રી હતા ?**
(૧) માનવ વિકાસ
(૨) જળસંશાધન
(૩) સૂચના અને પ્રસારણ મંત્રી
(૪) ગ્રામ વિકાસ પંચાયતીરાજ

**(૧૯) વર્લ્ડ કેન્સર ડે કયાં દિવસે ઉજવાય છે ?**
(૧) ૨જી ફેબ્રુઆરી (૨) ૪થી ફેબ્રુઆરી
(૩) ૧૩મી ફેબ્રુઆરી (૪) ૭મી ફેબ્રુઆરી

**(૨૦) સાતમા પગાર પંચના અધ્યક્ષ કોણ છે?**
(૧) અશોકકુમાર માથુર (૨) સંજીવ રેડ્ડી
(૩) રાજીવ માથુર (૪) રાજીવ મિશ્રા

**(૨૧) ભારતે તાજેતરમાં કેટલા દેશો માટે 'વિઝા ઓન અરાઈવલ' સુવિધા ઉપલબ્ધ કરી?**
(૧) ૧૭૫ (૨) ૧૯૦
(૩) ૧૮૦ (૪) ૧૬૦

**(૨૨) તાજેતરમાં ભારતીય નેવી દ્વારા યોજાયેલ ઈવેન્ટ 'મિલન' કયા યોજાઈ હતી?**
(૧) આંદામાન-નિકોબાર (૨) ગોવા
(૩) લક્ષદ્વીપ (૪) દિલ્હી

**(૨૩) ICC નું વડુ મથક કઈ જગ્યાએ છે?**
(૧) ઓસ્ટ્રેલીયા (૨) ઈંગ્લેન્ડ
(૩) દુબઈ (૪) નેધરલેન્ડ

**(૨૪) નેપાળના પ્રધાન મંત્રી?**
(૧) સિન્ઝા ઓબે (૨) શેરિંગ ટોબગે
(૩) સુશીલ કોઈરાલા (૪) અબ્દુલ બાસીત

**(૨૫) વિશ્વ રેડીયો દિવસ કયારે ઉજવાય છે?**
(૧) ૧ ફેબ્રુઆરી (૨) ૧૩ ફેબ્રુઆરી
(૩) ૧૯ ફેબ્રુઆરી (૪) ૨૧ ફેબ્રુઆરી

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

**મનીષ શાહ**

**(૨૬) એપ્રિલથી જુલાઈ વચગાળાના રેલ્વે બજેટમાં ગુજરાતને કેટલી નવી ટ્રેન મળી?**
(૧) ૧૬ (૨) ૧૩
(૩) ૧૪ (૪) ૧૧

**(૨૭) દિપીકા કુમારી કઈ રમત સાથે સંકળાયેલ છે?**
(૧) શુટીંગ (૨) ચેસ
(૩) ટેનિસ (૪) આર્ચરી

**(૨૮) હાલમાં કયાં દેશના પ્રધાનમંત્રી સૌથી યુવા પી.એમ. બનવાનો રેકોર્ડ ધરાવે છે?**
(૧) ઈટાલી (૨) અફઘાનિસ્તાન
(૩) ઓસ્ટ્રેલીયા (૪) દક્ષિણ કોરીયા

**(૨૯) કયા દેશમાં ભારતના સહયોગથી કૃષિ યુનિવર્સિટી સ્થપાશે?**
(૧) ઈટાલી (૨) અફઘાનિસ્તાન
(૩) મ્યાનમાર (૪) બાંગ્લાદેશ

**(૩૦) લેખાનુદાન સામાન્ય બજેટ ૨૦૧૪-૧૫ કેટલા સમય પૂરતું હતું?**
(૧) એપ્રિલ થી જુલાઈ (૨) એપ્રિલ થી જુન
(૩) એપ્રિલ થી ઓગસ્ટ (૪) મે થી જુલાઈ

**(૩૧) રાજીવ ગાંધી ખેલ અભિયાન (RGKA)નો પ્રારંભ કયા વર્ષથી થયો?**
(૧) ૨૦૧૦ (૨) ૨૦૦૭
(૩) ૨૦૧૨ (૪) ૨૦૧૪

**(૩૨) વોટ્સઅપના સ્થાપક કોણ હતા?**
(૧) બ્રાયન સેકટોન (૨) જાન કોઉમ
(૩) માર્ક ઝુકરબર્ગ (૪) અ અને બ બંને

**(૩૩) ૨૦૧૪- G-20- બેઠક કયાં યોજાઈ હતી ?**
(૧) રશિયા (૨) ઓસ્ટ્રેલિયા
(૩) ઈંગ્લેન્ડ (૪) અમેરિકા

**(૩૪) સોમદેવ બર્મન કઈ રમત સાથે સંકળાયેલ છે?**
(૧) આર્ચરી (૨) શુટીંગ
(૩) ફોર્મ્યુલા-વન રેસ (૪) ટેનિસ

**(૩૫) રાજ્યમાં વૃક્ષ ગણતરી ૨૦૧૩-૧૪માં નીચેનામાંથી કયું અયોગ્ય છે?**
(૧) સૌથી ઓછા વૃક્ષો ધરાવતો જિલ્લો સુરેન્દ્રનગર
(૨) નોનફોરેસ્ટ એરિયામાં જ ગણતરી થાય
(૩) સૌથી વધુ વૃક્ષ ધરાવતો જિલ્લો ગાંધીનગર
(૪) સૌથી વધુ વૃક્ષ લીમડો

**(૩૬) હોકી ઈન્ડિયા લીગની ફાઈનલ મેચ કયાં રમાઈ હતી?**
(૧) દિલ્હી (૨) પંજાબ
(૩) ઝારખંડ (૪) હરિયાણા

**(૩૭) તાજેતરમાં તાપી જિલ્લામાં કયા તાલુકા નવા બનેલ છે?**
(૧) ડોલવણ (૨) કરમુડા
(૩) નિઝર (૪) અ અને બ બંને

**(૩૮) ATVT નો પ્રારંભ ગુજરાતમાં કયા વર્ષથી થયો?**
(૧) ૨૦૧૦ (૨) ૨૦૧૧
(૩) ૨૦૦૮ (૪) ૨૦૦૬

**(૩૯) ૨૦૧૪-૧૫માં રાજકોષીય ખાધ કેટલા ટકા રાખવાનું નક્કી થયું છે?**
(૧) ૪.૬ ટકા (૨) ૪.૮ ટકા
(૩) ૪.૯ ટકા (૪) ૪.૧ ટકા

**(૪૦) હાલમાં IITE ના વાઈસ ચાન્સેલર કોણ છે?**
(૧) કમલેશ જોષીપુરા (૨) એચ.એમ. પટેલ
(૩) ડૉ. શશીરંજન યાદવ (૪) શશીનંદન યાદવ

**(૪૧) સૌની યોજનાથી કેટલા જિલ્લાને લાભ મળશે ?**
(૧) ૧૧ (૨) ૧૫
(૩) ૧૪ (૪) ૧૩

**(૪૨) ગુજરાતના કયા બંદરે બોટ રેસ યોજાય છે?**
(૧) મગદલ્લા (૨) ચોરવાડ
(૩) વેરાવળ (૪) ઓખા

**(૪૩) ઉમેશ પટવા કયાં ક્ષેત્ર સાથે સંકળાયેલ છે?**
(૧) શિક્ષણ (૨) સંગીત
(૩) રમત-જગત (૪) સમાજસેવા

**(૪૪) શિયાળુ ઓલમ્પિક દર કેટલા વર્ષે યોજાય છે?**
(૧) ૧ વર્ષ (૨) ૨ વર્ષ
(૩) ૩ વર્ષ (૪) ૪ વર્ષ

**(૪૫) FICCI દ્વારા જાહેર થયેલ પર્સન ઓફ ધ યર-૨૦૧૪?**
(૧) સોમદેવ બર્મન (૨) લજ્જા ગોસ્વામી
(૩) અંકીતા રૈના (૪) દિપીકા કુમારી

**(૪૬) રાષ્ટ્રીય મહિલા દિવસ કયારે ઉજવાય છે?**
(૧) ૮ માર્ચ (૨) ૮ ફેબ્રુઆરી
(૩) ૧૩ ફેબ્રુઆરી (૪) ૨૧ ફેબ્રુઆરી

**(૪૭) ૧૦૧મું નેશનલ સાયન્સ કોંગ્રેસ ૨૦૧૪નું સંમેલન કયા સ્થળે યોજાયું ?**
(૧) દિલ્હી (૨) કોલકત્તા
(૩) જમ્મુ (૪) ચેન્નાઈ

**(૪૮) ભારતમાં સૌપ્રથમ જાહેર હિતની અરજી કયાં વર્ષમાં થઈ હતી?**
(૧) ૧૯૬૯ (૨) ૧૯૭૯
(૩) ૧૯૮૯ (૪) ૧૯૯૯

**(૪૯) વિશ્વ માતૃભાષા દિવસ કયારે ઉજવાય છે?**
(૧) ૨ ફેબ્રુઆરી (૨) ૧૩ ફેબ્રુઆરી
(૩) ૨૧ ફેબ્રુઆરી (૪) ૨૮ ફેબ્રુઆરી

**(૫૦) ચાલુ વર્ષે એકસાઈઝ કર કેટલો કરાયો?**
(૧) ૮ ટકા (૨) ૧૦ ટકા
(૩) ૧૨ ટકા (૪) ૧૪ ટકા

**(૫૧) નવગુજરાત સમયના તંત્રી કોણ છે?**
(૧) અજય ઉમટ (૨) અક્ષય ઉમટ
(૩) ઉમેશ પટવા (૪) શ્રેયસ શાહ

**(૫૨) વર્લ્ડ વેટલેન્ડ ડે કયા દિવસે ઉજવાય છે?**
(૧) ૨ ફેબ્રુઆરી (૨) ૪ ફેબ્રુઆરી
(૩) ૫ ફેબ્રુઆરી (૪) ૨૧ ફેબ્રુઆરી

**(૫૩) ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ કોણ છે?**
(૧) એચ. એન. પટેલ (૨) પરિમલ ત્રિવેદી
(૩) એચ. એમ. દેસાઈ (૪) એચ. એમ. શુકલા

**(૫૪) 'સચિન તેંડુલકર : ધ મેન ક્રિકેટ લવ્ડ બેક' પુસ્તક કોણે તૈયાર કર્યું?**
(૧) ક્રિકબઝ (૨) યાહુ ક્રિકેટ
(૩) ક્રિક ઈન્ફો (૪) ક્રિકનેસ્ટ

## જવાબ

**(૧) ૪ (૨) ૩ (૩) ૪ (૪) ૨ (૫) ૩ (૬) ૪ (૭) ૧ (૮) ૨ (૯) ૩ (૧૦) ૪ (૧૧) ૨ (૧૨) ૧ (૧૩) ૪ (૧૪) ૩ (૧૫) ૧ (૧૬) ૪ (૧૭) ૧ (૧૮) ૨ (૧૯) ૨ (૨૦) ૧ (૨૧) ૩ (૨૨) ૧ (૨૩) ૩ (૨૪) ૩ (૨૫) ૨ (૨૬) ૧ (૨૭) ૪ (૨૮) ૧ (૨૯) ૨ (૩૦) ૨ (૩૧) ૪ (૩૨) ૪ (૩૩) ૨ (૩૪) ૪ (૩૫) ૩ (૩૬) ૩ (૩૭) ૪ (૩૮) ૨ (૩૯) ૪ (૪૦) ૩ (૪૧) ૧ (૪૨) ૧ (૪૩) ૩ (૪૪) ૪ (૪૫) ૪ (૪૬) ૩ (૪૭) ૩ (૪૮) ૨ (૪૯) ૩ (૫૦) ૨ (૫૧) ૧ (૫૨) ૧ (૫૩) ૧ (૫૪) ૩.**

# Indian Institutes of Management (IIMs)

**Ahmedabad, Bangalore, Calcutta, Indore, Kastripur, Kozhikode, Lucknow, Raipur, Ranchi, Rohtak, Shillong, Tiruchirappalli and Udaipur**

**Common Admission Test (CAT) 2014**

The Indian Institutes of Management-will conduct Common Admission Test 2014(CAT2014) during a 02-day testing window (4 session) on 16th & 22nd November,2014. CAT 2014 will be conducted by IIMs as a pre-requisite lor admission to various management programmes of IIMs. These programmes are:

□ **PostGraduate Programmes in Management:**

| | | | **WebsHeAddresses;** |
|---|---|---|---|
| • | IIM Ahmedabad | PGP and PGP-ABM | www.iimahd.ernet.in |
| • | IIM Bangalore | PGP, PGPEM and PGPPM | www.iimb.ernet.in |
| • | IIM Calcutta | PGP-PGDM and PGP-PGDCM | www.iimcal.ac.in |
| • | IIM Indore | PGP,PGP-Mumbai,PGP-UAE &EPGP | www.iimidr.ac.in |
| • | IIMKashipur | PGPandEPGP | www.iimkashipur.ac.in |
| • | IIM Kozhikode | PGP | www.iimk.ac.in |
| • | IIM Lucknow | PGP,PGP-ABM&PGPSM | www.iiml.ac.in |
| • | IIM Raipur | PGPandPGPWE | www.iimraipur.ac.in |
| • | IIM Ranchi | PGDMandPGDHRM | www.iimranchi.ac.in |
| • | IIM Rohtak | PGP | www.iimrohtak.ac.in |
| • | RGIIM Shillong | PGP and PGPEX | www.iimshiillong.in |
| • | IIM Tiruchirappalli | PGPandPGPBM | www.iimtrichy.ac.in |
| • | IIM Udaipur | PGP | www.iimu.ac.in |

□ Fellow Programmes In Management (FPM) [equivalent to Ph.D.] of IIM Ahmedabad, IIM Bangalore, HM Calcutta, IIM Indore, DM Kozhikode, IIM Lucknow, IIM Raipur, IIM Ranch, IIM Rohtak, RGIIM Shillong, IIM Tiruchirappalli and EFPM programme of IIM Kashipur and IIM Raipur.

♦ Separate advertisements will appear for the Fellow Programme of each institute as well as PGP-ABM of IIM Ahmedabad , PGPEM and PGPPM Programmes of IIM Bangalore, , PGP-Mumbai,PGP-UAE & EPGP of IIM Indore,EPGPM of IIM Kashipur, PGP--ABM & PGPSM of IIM Lucknow,PGPEX of RGIIM Shilong, PGPBM & PGPHRM of IIM Tiruchirappalli. Before a prospective candidate makes a decision to appear for CAT 2014, he, she must visit the websites and/or read programme advertisements of the concerned IIMs and specific programmes to ensure which programmes they want to apply for eligibility requirement admission processes.

♦ Listof non-IIM member institutions that have registered to avail the CAT 2014 scores is provided at www.iimcat.ac.in CAT 2014 Scores are restricted only for admission to IIMs and non-IIM member institutions. IIMs have no role DI me selection process of Non-IIM Institution.

A candidate can appear for CAT 2014 only once during the 02-day testing window( 4 sessions ).

**INFORMATION SOURCES:**

**CAT website : www.iimcat.ac.in**

**IVRS Number : 1800-2100-151**

□ **CAT 2014 ELIGIBILITY**

♦ The candidate must hold a Bachelor's Degree, with at least 50% marks or equivalent CGPA (45% in case of the candidates belonging to Scheduled Caste(SC), Scheduled Tnbe (ST) and Differently Abled (DA) (It may also referred to as Persons With Disability (PWD) categones], awarded by any of the Universities incorporated by an act of the central or state legislature in India or other educational institutions established by an act of Parliament or declared to be deemed as a University under Section 3 of the UGC Act, 1956, or possess an equivalent quaWcatkm recognized by the Ministry of HRD, Government of India (For Details of Equivalent Qualifications see the website www.iimcat.rac.in) The percentage of marks obtained by the candidate in the bachelor's degree would be calculated based on the practice followed by the university/institution from where the candidate has obtained the degree. In case the candidates are awarded grades/CGPA instead of marks, the conversion of grades/CGPA to percentage of marks would be based on the procedure certified by the university/ institution from where they have obtained ffe bachelor's degree. In case the university/ institution does not have any scheme for converting CGPA into equivalent marks, the equivalence would be established by dividing the candidate's CGPA by the maximum possible CGPA and multiplying the result with 100. Candidates appearing for the final year of bachelor's degree/equivalent qualification examination and those who have completed degree requirements and are awaiting results can also apply. If selected, such candidate will be allowed to join the programme provisionally ,only if he/ she submits a certificate latest by June 30.2015 From the Principal/Registrar of his/her College/Institute (issued on or before June 30, 2015) stating that the candidate has completed all the requirements for obtaining the bachelor's degree/equivalent qualification on the date of the issue of the certificate. IIMs may verify eligibility at various stages of the selection process, the details of which are provided at the website www.iimcat.ac.in. Applicants should note that the mere fulfillment of minimum eligibility criteria will not ensure consideration for shortlisting by IIMs.

♦ **Prospective candidates must maintain a valid and unique email account and a phone number throughout the selectlonprocess.**

♦ **RESERVATIONS**

♦ As per the Government of India requirements, 15% of the seats are reserved for Scheduled Caste (SC) and 7.5% for Scheduled Tribe (ST) candidates. 27% of seats are reserved for Other Backward Classes candidates belonging to the "non-creamy" layer (NC-OBC).

♦ For an updated central list of slate-wise OBCs eligible for availing the benefit of reservation and information in respect of the creamy layer visit the website www.ncbc.nic.In. In case of NC-OBC category, the castes included in Central List (available at Error! Hyperlink reference not valid.) of NC-OBC by the National Commission of Backward Classes, Government of India as on last day of registration will be used. Any subsequent changes will not be effective for CAT2014.

♦ As per Ihe provision under section 39 of the PWD Act, 1995,3% seats are reserved for Differently Abled (DA) candidates. The three categories of disability are; a) low-vision/ blindness, b) hearing Impairment, and o) locomotor: disability/cerebral palsy. This provision is applicable if the candidate suffers from any of the listed disabilities to the extent of not less than 40%, as certified by a medical authority as prescribed and explained in the said Act.

♦ The candidates belonging to categories for which seats are reserved need to note and read the eligibility requirements carefully before applying. It should be noted that while it is the endeavor of IIMs that the candidates belonging to SC/ST/PWD/Non-Creamy OBC categories join the Programme in proportions mandated by the law, they have to meet the minimum eligibility criteria andacertain minimum level of performance in the admission process. The candidates should read carefully the description of admission process followed by each IIM on their respective websites. No change in the category wiH be entertained after the closure of registration window; hence, the applicants are advised to give attention while registering.

□ **PAYMENTOF REGISTRATION FEES**

♦ The fees is Rs. 1600/- (General and NC-OBC candidates) and Rs.800 for SC/ST/PWD/(DA) candidates, which is to b paid online at the time of regestation.The details will be available on www.iimcat.ac.in .

♦ Please note that a candidate needs to pay registration fees only once irrespective of the number of institutes he/she is applying for. NC-OBC,SC/ST/PWD/(DA) must upload a copy of their NC-OBC,SC/ST/PWD/(DA) certificate at the time of registration.Fees once paid cannot berefundedunder any circumstances.

□ **REGISTRATIONFOR CAT2014**

♦ The Registration window opens on 6th August ,2014 and will close on September 30, 2014. The details about the registration process will be available on CAT 2014 website www.iimcat.ac.in

□ **TEST CITES**

♦ There are 99 test cites.. The details about the test sites spread across 99 test cities will be availabfeon www. iimcat .ac.in from 16th August , 2014 and the name of the test side will be indicated in her/his Admit Card.

♦ IIMs reserve the right to change or cancel any test venue /centre and or change the test window time at their own discretion.

□ **CAT 2014 SCORE**

♦ A candidate's CAT 2014 score card will be made available at the www.iimcat.ac.in and individual information will not be sent to the candidates. The CAT results will be declared during 3rd week of December , 2014. The CAT 2014 candidate's scores will remain valid till December 2015.Subsequent to that date no queries related to issuance of CAT2014 score cards will be entertained.

□ **ADMISSION PROCESS**

♦ Please note that each IIM shortlists candidates for second stage of selection which may be Independent of each other. The process may Include Written Ability Test (WAT), Group Discussions (GD) and Personal interviews (PI)-Performance in CAT 2014 examination is an important component in the admission process. IIMs may use previous academic performance of the candidates, relevant work experience and other similar inputs in short listing and ranking of candidates at various stages of the admission process The processes, academic cut-offs and the weights allocated to the evaluation parameters may vary across IIMs. For more information you may refer the admissions policies of IIM's from their respective websites.

□ **DISCLAIMER**

♦ Instances of incorrect information and process violation detected at any stage of the sefecSon process wU lead to ^qualification of the canddafe from the selection process and he/she wl8 not be allowed to appearior CAT In future. If such instances go undetected during the current selection process but are detected in subsequent years such disqualification will take place with retrospective effect.

♦ Candidates must retain Ms advertisement for future reference. Any dispute concerning CAT 2014 would be subject to Jurisdiction of tie competent Courts within the territcrial jurisdiclion of Clty of Indore only.

●

# ગુજરાત જાહેર સેવા આયોગ

નીચે દર્શાવેલ જગ્યાઓ માટે આયોગ દ્વારા તા. ૦૫-૦૮-૨૦૧૪ થી તા. ૨૦-૦૮-૨૦૧૪ સુધી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓ માટેની જાહેરાતની મુખ્ય અને અગત્યની વિગતો નીચે દર્શાવવામાં આવે છે. જ્યારે બાકીની વિગતો જેવી કે કેટેગરીવાઇઝ જગ્યાની કુલ સંખ્યા ઉંમરમાં છૂટછાટ વગેરે આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.in ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ - સંપૂર્ણ વિગત આયોગની વેબસાઇટ પર જોયા બાદ જ ઉમેદવારે ઓનલાઇન અરજી કરવાની રહેશે.

- **જાહેરાત ક્રમાંક :** ૧૪/૨૦૧૪-૧૫ સામાન્ય વહીવટ વિભાગ હસ્તકની સંશોધન અધિકારી ગુજરાત આંકડાકીય સેવા સંવર્ગ વર્ગ-૨ની કુલ જગ્યાઓ-૩૦ (બિન અનામત-૧૬ સા.શૈ.પ.વ.-૦૮, અનુ.જાતિ-૦૧ અને અનુ.જાતિ-૦૫)
- **શૈક્ષણિક લાયકાત :** (૧) ભારતની સંસદ કે વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઇપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુજીસી એક્ટ-૧૯૫૬ના સેકશન-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે સ્થાપિત સંસ્થાની આંકડાશાસ્ત્ર અથવા એપ્લાઇડ આંકડાશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા એપ્લાઇડ અર્થશાસ્ત્ર અથવા વાણિજ્ય અર્થશાસ્ત્ર અથવા ઇકોનોમેટ્રિક્સ અથવા ગણિતશાસ્ત્ર મુખ્ય મુખ્ય વિષય સાથેની અનુસ્નાતકની બીજા વર્ગની પદવી ધરાવતો હોવો જોઇએ અથવા (૨) ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઇપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુજીસી એક્ટ-૧૯૫૬ના સેકશન-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે સ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થાની આંકડાશાસ્ત્ર અથવા એપ્લાઇડ આંકડાશાસ્ત્ર અથવા ગણિતીક આંકડાશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા એપ્લાઇડ અર્થશાસ્ત્ર અથવા વાણિજ્ય અર્થશાસ્ત્ર અથવા ઇકોનોમેટ્રિક્સ અથવા ગણિતશાસ્ત્ર મુખ્ય વિષય સાથેની સ્નાતકની ઓછામાં ઓછી ૫૫ ટકા માર્કસ સાથેની બીજા વર્ગની પદવી ધરાવતો હોવો જોઇએ

  (૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ માં નિયત થયા પ્રમાણે કોમ્પ્યુટર એપ્લિકેશનની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ

  (૩) ગુજરાતી અથવા હિન્દી અથવા ગુજરાતી/હિન્દી બંને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.
- **પગાર ધોરણ :** ૯૩૦૦- રૂ. ૩૪૮૦૦ (ગ્રેડ પે રૂા. ૪,૬૦૦)
- **ઉંમર :** ૩૨ વર્ષથી વધુ નહી

- **જાહેરાત ક્રમાંક :** ૧૫-૨૦૧૪-૧૫ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હસ્તકની નગરપાલિકા આરોગ્ય અધિકારી વર્ગ-૨ની કુલ જગ્યાઓ-૪૦ (બિન અનામત-૨૦, સા.શૈ.પ.વ.-૧૧, અનુ.જાતિ-૦૩ અને અનુ.જાતિ-૦૬)
- **શૈક્ષણિક લાયકાત :** (૧) ભારતના કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી કોઇ સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે ગણાતી હોવાનું જાહેર થયેલી કોઇપણ સંસ્થામાંથી મેળવેલ એમ.બી.બી.એસ. (MBBS) ની પદવી ધરાવતો હોવો જોઇશે. અથવા ભારતનો મેડિકલ કાઉન્સિલ અધિનિયમ ૧૯૫૬ની પહેલી અથવા બીજા અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી કોઇ બીજી લાયકાતો ધરાવતો હોવો જોઇશે. (૨) ગુજરાત વૈદક વ્યવસાયીઓનો અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૩૦ની પેટા કલમ (૧) હેઠળ મુક્તિ આપી શકાય તેમ હોય તેવા અધિકારીની (લાયકાત) સહિતની ભારતની મેડિકલ કાઉન્સિલ અધિનિયમ ૧૯૫૬ની ત્રીજી અનુસુચિ હેઠળ રજિસ્ટર થઇ શકે તેવી લાયકાત ધરાવતો હોવો જોઇશે. (૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ થી ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જાઇશે. (૪) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનું પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.
- **પગાર ધોરણ :** રૂ. ૯૩૦૦-૩૪,૮૦૦ (ગ્રેડ પે-રૂ.૫૪૦૦)
- **ઉંમર :** ૩૫ વર્ષથી વધુ નહીં.

**નોંધ :** જા.ક્ર.૧૪/૨૦૧૪-૧૫ થી જાક્ર-૧૫/૨૦૧૪-૧૫ની જાહેરાતોમાં જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત તથા ફી ભરેલ ચલણની નકલ સાથે મોકલવાના રહેશે.

●

## વડોદરા મહાનગર સેવા સદન

www.vmce.gov.com, www.vmc.gov.in

**વડોદરા મહાનગર સેવા સદનમાં નીચે જણાવેલ જગ્યા ભરવા, પ્રતિક્ષા યાદી બનાવવા હેતુસર લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.**

- **જગ્યાનું નામ : મલ્ટીપરપઝ વર્કર**
- **જગ્યાની સંખ્યા :** ૦૮ + ૦૩ સંભવિત (૦૯-સામાન્ય, ૦૧-અ.જ.જા. તથા ૦૧-સા.શૈ.પ.વ.)
- **પગાર :** રૂ. ૫૩૦૦/- પ્રતિ માસ ઉચ્ચક
- **શૈક્ષણિક લાયકાત તથા અનુભવ :** ન્યુ એસ.એસ.સી. પાસ, સેનેટરી ઇન્સ્પેક્ટર ડિપ્લોમાં ધરાવવો જરૂરી છે, આ પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવતા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.
- **ઉંમર :** તા. ૨૨-૦૮-૨૦૧૪ના રોજ ૨૮ વર્ષથી વધુ નહીં. (સા.વ.વિ. પરિપત્ર અંક ૪૦/૧૧-૧૨ માં નિર્દિષ્ટ કર્યા મુજબ વડોદરા મહાનગર સેવા સદનના કર્મચારીઓને ઉંમરમાં બાધ રહેશે નહિ.)

ઉક્ત જણાવેલ જગ્યા માટે ઉમેદવાર સરકારીશ્રીના નાણાં વિભાગ ઠરાવ ક્રમાંક-ખરચ-૨૦૦૨-૫૭ઝ-૧, તા. ૧૬-૦૨-૨૦૦૬ અન્વયે માસિક ફિક્સડ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયશી નિમણુંકને પાત્ર થશે.

ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી પગાર ધોરણ (પે બેન્ડ ૫૨૦૦/- થી ૨૦૨૦૦/- ગ્રેડ પે ૧૯૦૦/-) થી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.

અનામત જગ્યાના ઉમેદવારોને ગુજરાત સરકારશ્રીના ધારાધોરણ મુજબ ઉપલી વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે. સા.શૈ.પ.વ.ના ઉમેદવારોને ગુજરાત સરકારશ્રીના ધારાધોરણ મુજબ ઉપલી વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે. તેઓએ જાતિ પ્રમાણપત્ર તથા ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનો નિયત થયેલ પરિશિષ્ટ (ક)ના નમૂનામાં ગુજરાત સરકારશ્રીનું તાજેતરનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

ઉપરોક્ત જગ્યાની જાહેરાત તેમજ અરજી ફોર્મમાં નમૂનો વડોદરા મહાનગર સેવા સદનની ઉપરોક્ત વેબસાઇટ ઉપર તેમજ સામાન્ય વહીવટ વિભાગના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

નીચે જણાવેલ સરનામેથી અરજી પત્રકનો નમૂનો મળી શકશે. ઉમેદવારોએ સદરહુ જાહેરાતની તમામ વિગતો જોયા પછી જ અરજી રજીસ્ટર્ડ પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી **મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની કચેરી, સામાન્ય વહીવટ વિભાગ, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૨૦૯** એ સરનામે **તા. ૨૨-૦૮-૨૦૧૪** સુધીમાં મળે તે રીતે કરવાની રહેશે.

ઉમેદવારે અરજી તથા કવર ઉપર જગ્યાનું નામ તથા પી.આર.ઓ. નં. અવશ્ય લખવો. અરજી સાથે ઉંમર, શૈક્ષણિક લાયકાત, અનુભવ તથા જાતિના પ્રમાણપત્રોની ખરી નકલો અવશ્ય સામેલ રાખવી. અધુરી વિગતોવાળી તેમજ જરૂરી પ્રમાણપત્રો રજૂ કર્યા સિવાયની તથા મુદત બહાર આવેલ અરજી કોઇપણ સંજોગોમાં ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. જેની નોંધ લેવી. અરજદારે પોતાનો ફોન નંબર અથવા મોબાઇલ નંબર અરજીમાં અવશ્ય દર્શાવવાનો રહેશે.

**મ્યુનિસિપલ કમિશ્નર**

●

## વડોદરા મહાનગર સેવા સદન

www.vmce.gov.com, www.vmc.gov.in

**વડોદરા મહાનગર સેવા સદનમાં નીચે જણાવેલ જગ્યા ભરવા માટે લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.**

- **જગ્યાનું નામ : સબ સેનેટરી ઇન્સ્પેક્ટર**
- **જગ્યાની સંખ્યા :** ૦૪ (૦૩-સા.શૈ.પ.વ. તથા ૦૧-સામાન્ય)
- **પગાર :** રૂ. ૫૩૦૦/- પ્રતિ માસ ઉચ્ચક
- **શૈક્ષણિક લાયકાત તથા અનુભવ :**
  - (૧) એસ. એસ. સી. પાસ
  - (૨) સેનેટરી ઇન્સ્પેક્ટર ડિપ્લોમાં કોર્સ પાસ
  - (૩) સ્નાતક ઉમેદવારને પ્રાધાન્યતા આપવામાં આવશે.
  - (૪) કોમ્પ્યુટર જાણકારને પ્રાધાન્યતા આપવામાં આવશે.
  - (૫) નગરપાલકિા/મહાનગરપાલિકાના હેલ્થ વિભાગની સેનીટેશનની લગત કામગીરીના અનુભવને પ્રાધાન્યતા આપવામાં આવશે.
- **ઉંમર :** તા. ૨૨-૦૮-૨૦૧૪ના રોજ ૨૮ વર્ષથી નહીં. (સા.વ.વિ. પરિપત્ર અંક ૪૦/૧૧-૧૨ માં નિર્દિષ્ટ કર્યા મુજબ વડોદરા મહાનગર સેવા સદનના કર્મચારીઓને ઉંમરમાં બાધ રહેશે નહિ.

ઉક્ત જણાવેલ જગ્યા માટે ઉમેદવાર સરકારીશ્રીના નાણાં વિભાગ ઠરાવ ક્રમાંક-ખરચ-૨૦૦૨-૫૭-ઝ-૧, તા. ૧૬-૦૨-૨૦૦૬ અન્વયે માસિક ફિક્સડ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયશી નિમણુંકને પાત્ર થશે.

ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી પગાર ધોરણ (પે બેન્ડ ૫૨૦૦/- થી ૨૦૨૦૦/- ગ્રેડ પે ૨૪૦૦/-) થી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.

સા.શૈ.પ.વ.ના ઉમેદવારોને ગુજરાત સરકારશ્રીના ધારાધોરણ મુજબ ઉપલી વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે. તેઓએ જાતિપ્રમાણપત્ર તથા ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનો નિયત થયેલ પરિશિષ્ટ (ક)ના નમૂનામાં ગુજરાત સરકારશ્રીનું તાજેતરનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

ઉપરોક્ત જગ્યાની જાહેરાત તેમજ અરજી ફોર્મમાં નમૂનો વડોદરા મહાનગર સેવા સદનની ઉપરોક્ત વેબસાઇટ ઉપર તેમજ સામાન્ય વહીવટ વિભાગના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. નીચે જણાવેલ સરનામેથી અરજી પત્રકનો નમૂનો મળી શકશે.

ઉમેદવારોએ સદરહુ જાહેરાતની તમામ વિગતો જોયા પછી જ અરજી રજીસ્ટર્ડ પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની કચેરી, સામાન્ય વહીવટ વિભાગ, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૨૦૯ એ સરનામે **તા. ૨૨-૦૮-૨૦૧૪** સુધીમાં મળે તે રીતે કરવાની રહેશે.

ઉમેદવારે અરજી તથા કવર ઉપર જગ્યાનું નામ તથા પી.આર.ઓ. નં. અવશ્ય લખવો. અરજી સાથે ઉંમર, શૈક્ષણિક લાયકાત, અનુભવ તથા જાતિના પ્રમાણપત્રોની ખરી નકલો અવશ્ય સામેલ રાખવી. અધુરી વિગતોવાળી તેમજ જરૂરી પ્રમાણપત્રો રજૂ કર્યા સિવાયની તથા મુદત બહાર આવેલ અરજી કોઇપણ સંજોગોમાં ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. જેની નોંધ લેવી.

અરજદારે પોતાનો ફોન નંબર અથવા મોબાઇલ નંબર અરજીમાં અવશ્ય દર્શાવવાનો રહેશે.

**મ્યુનિસિપલ કમિશ્નર**

●

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.